Extra No. 40

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 29, 2026 / MAGHA 9, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૬-દેવભૂમિ દ્વારકા-જિ.પં.-૨૦૨૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ (જેનો હવે પછી "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ૧૧(૪) અન્વયે જિલ્લા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૧(૫) અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા.૨૬-૭-૯૪ તથા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૯૪ અન્વયે જિલ્લા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક

સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક : KPV-48-DC-ELC-L-4-DP-12-2025, તા. 09-09-2025 (જેનો હવે પછી "જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
		અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
		સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
દેવભૂમિ દ્વારકા	૨૨	૧	૦	૦	૧	૩	૩	૭	૭

૨. વિકાસ કમિશનરશ્રી જિલ્લા પંચાયત માટે અધિનિયમની કલમ-૧૧(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં જિલ્લો એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૩) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસ્તી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને જિલ્લાની સને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસ્તી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૧ની પેટાકલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) તથા પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે, વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો અધિનિયમની કલમ-૧૧(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ- ૧૬(૩) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર મંડળની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે :

(૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

(૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસ્તી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આાપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળના નામને અંગ્રેજી કકકાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કકકાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ -૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ -૪ અને ૫માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષયે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક કઈ રીતે આપવા તે માટે નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસ્તી અને તે વસ્તી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક:૧ ત્યારબાદ ઘટતી જતી ટકાવારી પ્રમાણે ૨, ૩ તે રીતે ખાસ ક્રમાંક આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષયે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની સ્ત્રી માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં સ્ત્રી બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ જિલ્લા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો (તે પૈકી એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત) અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ અથવા યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની સ્ત્રી સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા આરક્ષિત વર્ગો માટે બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૩)માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસ્તી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે તમામ મતદાર મંડળોની વસતિ એક સરખી જ રાખવાનું શક્ય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળોની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે એક સરખી વસ્તી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તમામ મતદાર મંડળોની વસ્તી એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળોની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી "શહેરી નિયમો" તરીકે ઉલ્લેખ થયો છે) ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસ્તી એકસરખી રાખવી. પરંતુ, શહેરની કુલ વસ્તીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ, આ રીતે આવતી સરેરાશ વસ્તીના ૧૦% વધ-ઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, જિલ્લા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાંક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૨૦ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધે કલમ-૧૬ના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત વિસ્તારની વસતી ૫૧૫૫૫૫ છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી ૨૩૪૩૪ હોવી જોઈએ. જેમાં ૨૦% વધઘટ મુજબ વધ સાથે મહત્તમ વસતી ૨૮૧૨૧ તથા ઘટ સાથે લઘુત્તમ વસતી ૧૮૭૪૭ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવાં જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળોમાં સમાવિષ્ટ ન કરવાં તથા તાલુકા પંચાયતના એક મતદાર મંડળના સમગ્ર વિસ્તારનો સમાવેશ જિલ્લા પંચાયતના એક મતદાર મંડળમાં થાય તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસ્તી	જિલ્લા પંચાયત મતદાર મંડળમાં ૨૦% છૂટ મર્યાદા કરતાં વધુ વધઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૪	ભાટીયા, તા.કલ્યાણપુર	૨૮૨૧૭	(+) ૦.૪૧
૨	૫	ભોગાત, તા.કલ્યાણપુર	૨૮૬૫૨	(+) ૨.૨૭

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩માં દર્શાવેલ તાલુકા પંચાયતના મતદાર મંડળનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		જિલ્લા/તાલુકા મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧	બજાણા તા.ખંભાળીયા	૧-બજાણા	૨૬૧૯	૬૭૩૦	૨૬૦		૪૮			
		૪-ભંડારીયા	૧૭૫૬	૬૯૦૧	૩૨૯		૦			
		૨૦-સિંહણ આહેર	૨૨૫૬	૬૮૪૮	૬૬૨		૧૮			
		કુલ		૨૦૪૭૯	૧૨૫૧	૬.૧૧	૬૬	૦.૩૨	૧૦	૯
૨	બરડીયા તા.દ્વારકા	૧-બરડીયા	૨૦૮૭	૩૮૦૭	૪૮૫		૦			
		૫-ગોરીંજા	૧૨૩૧	૪૧૦૧	૩૮૩		૦			
		૩-ધ્રાસણવેલ	૯૯૧	૪૧૩૯	૫૫૬		૧			
		૧૧-પોશીત્રા	૧૭૧૯	૩૮૯૬	૨૯૬		૧			
		૧૨-ટુંપણી	૧૬૦૩	૩૭૦૦	૩૫૩		૨			
		કુલ		૧૯૬૪૩	૨૦૭૩	૧૦.૫૫	૪	૦.૦૨	૩	૨૧
૩	ભાડથર તા.ખંભાળીયા	૩-ભાડથર	૪૫૯૯	૮૫૮૮	૫૬૭		૩૧			
		૯ -ફોટ	૨૧૩૬	૬૫૪૭	૫૨૩		૨			
		૧૪ -લાલપરડા	૨૭૦૧	૬૬૮૯	૨૭૧		૧૬			
		કુલ		૨૧૮૨૪	૧૩૬૧	૬.૨૪	૪૯	૦.૨૨	૯	૧૪

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		જિલ્લા/તાલુકા મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૪	ભાટીયા તા.કલ્યાણપુર	૩-ભાટીયા-૧	૧૭૩૫૨	૭૭૯૧	૬૫૯		૧૦૯			
		૪-ભાટીયા-૨		૬૬૯૧	૦		૦			
		૫-ભાટીયા-૩		૭૨૮૫	૮૯૯		૬૩			
		૧૫-કેનેડી	૬૪૫૦	૬૪૫૦	૧૦૨		૦			
		કુલ		૨૮૨૧૭	૧૬૬૦	૫.૮૮	૧૭૨	૦.૬૧	૧૨	૫
૫	ભોગાત તા.કલ્યાણપુર	૬-ભોગાત	૬૨૫૩	૬૭૬૫	૩૭૧		૫૦			
		૨-બાંકોડી	૪૬૫૧	૬૬૫૧	૩૧૯		૨૪			
		૨૧-પટેલકા	૩૯૬૧	૭૯૭૮	૭૪૮		૬			
		૨૦-નાવદ્રા	૩૩૧૬	૭૨૫૮	૫૨૪		૩૨			
		કુલ		૨૮૬૫૨	૧૯૬૨	૬.૮૫	૧૧૨	૦.૩૯	૭	૮
૬	ચારબારા તા.ખંભાળીયા	૬-ચારબારા	૫૮૫૨	૬૭૨૪	૧૨૭		૦			
		૨-બેરાજા	૩૪૯૦	૮૩૬૫	૩૦૧		૦			
		૫ -ભાતેલ	૨૬૦૭	૮૧૭૪	૨૦૮		૦			
		કુલ		૨૩૨૬૩	૬૩૬	૨.૭૩	૦	૦.૦૦	૨૧	-
૭	ધરમપુર તા.ખંભાળીયા	૭-ધરમપુર-૧	૧૦૭૪૧	૬૦૫૧	૧૦		૦			
		૮-ધરમપુર-૨		૬૨૪૩	૦		૦			
		૧૦-હર્ષદપુર-૧	૭૩૭૩	૬૫૭૯	૧૬૬		૧૮			
		કુલ		૧૮૮૭૩	૧૭૬	૦.૯૩	૧૮	૦.૧૦	૨૨	૧૮
૮	ધતુરીયા તા.કલ્યાણપુર	૮-ધતુરીયા	૩૧૯૫	૮૦૬૫	૪૪૪		૦			
		૧૧-ગોરાણા	૩૧૪૧	૬૬૪૯	૨૫૦		૧૪			
		૨૨-રાજપરા	૨૨૮૬	૭૩૧૨	૫૧૭		૪૬			
		કુલ		૨૨૦૨૬	૧૨૧૧	૫.૫૦	૬૦	૦.૨૭	૧૪	૧૩
૯	ઢેબર તા.ભાણવડ	૩-ઢેબર	૪૩૯૪	૫૩૨૬	૧૬૮		૯૩૧			
		૪-ગડુ	૨૦૭૯	૫૭૪૩	૩૨૭		૧			
		૧૨-રાણપર	૨૭૦૦	૫૩૭૨	૩૫૧		૩૧૨૦			
		૧૧-પાછતર	૨૭૬૩	૫૫૬૪	૩૯૫		૭૦૧			
		કુલ		૨૨૦૦૫	૧૨૪૧	૫.૬૪	૪૭૫૩	૨૧.૬૦	૧૩	૧
૧૦	હર્ષદપુર તા.ખંભાળીયા	૧૧-હર્ષદપુર-૨	૭૩૭૩	૮૫૫૫	૪૬૮		૯			
		૧૫-મોટા માંઢા	૨૦૦૫	૭૪૮૪	૫૩૩		૦			
		૧૮-સામોર	૨૮૧૧	૬૯૨૯	૫૪૪		૦			
		કુલ		૨૨૯૬૮	૧૫૪૫	૬.૭૩	૯	૦.૦૪	૮	૨૦

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		જિલ્લા/તાલુકા મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧૧	કલ્યાણપુર તા.કલ્યાણપુર	૧૪-કલ્યાણપુર	૬૨૭૩	૭૪૬૫	૬૧૫		૯૫			
		૨૪-ટંકારીયા	૨૬૨૧	૭૩૫૮	૪૩૮		૧૧			
		૧૨-હરીપર	૨૮૧૪	૭૮૯૬	૧૬૮		૦			
		કુલ		૨૨૭૧૯	૧૨૨૧	૫.૩૭	૧૦૬	૦.૪૭	૧૬	૭
૧૨	લાંબા તા.કલ્યાણપુર	૧૬-લાંબા-૧	૮૬૮૧	૮૦૦૫	૧૪૫		૨૨			
		૧૭-લાંબા-૨		૭૦૧૯	૧૩૦		૦			
		૭-દેવળીયા	૬૬૬૪	૮૫૮૧	૬૭૦		૧૫			
		કુલ		૨૩૬૦૫	૯૪૫	૪.૦૦	૩૭	૦.૧૬	૧૯	૧૬
૧૩	મીઠાપુર તા.દ્વારકા	૭-મીઠાપુર-૧	૧૦૫૦૮	૩૪૩૭	૭૫૧		૧૭			
		૮-મીઠાપુર-૨		૩૫૧૨	૭૬૮		૧૯			
		૯-મીઠાપુર-૩		૩૫૫૯	૭૭૯		૧૮			
		૪-ગઢેચી	૧૮૦૫	૩૮૯૧	૭૩૬		૫			
		૬-ગોરીયારી	૧૪૯૦	૩૭૫૯	૫૦૩		૦			
		૧૬-વસઈ	૧૯૫૧	૩૪૦૮	૨૮૮		૦			
		કુલ		૨૧૫૬૬	૩૮૨૫	૧૭.૭૪	૫૯	૦.૨૭	૧	૧૨
૧૪	મોટા કાલાવડ તા.ભાણવડ	૯-મોટા કાલાવડ	૩૬૦૨	૭૧૧૧	૨૧૯		૧૪૨			
		૭-મેવાસા	૧૯૨૧	૫૩૮૪	૫૧૪		૨૯૩			
		૧૫-શિવા	૨૩૧૩	૫૮૩૩	૯૮૩		૮૬			
		૬-કાટકોલા	૩૨૧૬	૭૦૬૪	૪૭૭		૮૫			
		કુલ		૨૫૩૯૨	૨૧૯૩	૮.૬૪	૬૦૬	૨.૩૯	૪	૩
૧૫	નંદાણા તા.કલ્યાણપુર	૧૯-નંદાણા	૭૧૦૬	૭૧૦૬	૭૧૭		૨			
		૧૮-મેવાસા	૨૮૩૦	૬૬૫૧	૬૬૩		૫			
		૧-આસોટા મોટા	૪૦૦૪	૬૭૫૭	૩૬૨		૯			
		૧૦-ગાગા	૩૦૪૬	૬૫૬૦	૧૭૬		૩			
		કુલ		૨૭૦૭૪	૧૯૧૮	૭.૦૮	૧૯	૦.૦૭	૬	૧૯
૧૬	રાણ તા.કલ્યાણપુર	૨૩-રાણ લીંબડી	૮૬૪૮	૮૬૪૮	૩૫૩		૨૮			
		૯-ગઢકા	૬૩૦૬	૮૦૨૬	૨૦૨		૧૦			
		૧૩-જુવાનપુર	૩૪૨૬	૭૨૮૯	૧૮૪		૦			
		કુલ		૨૩૯૬૩	૭૩૯	૩.૦૮	૩૮	૦.૧૬	૨૦	૧૫

જિલ્લા પંચાયત મતદાર મંડળનો ક્રમાંક તથા મતદાર મંડળનું નામ અને તાલુકાનું નામ		જિલ્લા/તાલુકા મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ ધરાવતા ગામની વસ્તી	સમાવિષ્ટ તાલુકા પંચાયતના મતદાર મંડળની વસ્તી તથા જિ.પં. મતદાર મંડળની કુલ વસ્તી	જિલ્લા પંચાયતના મતદાર મંડળની				જિલ્લા પંચાયતના મતદાર મંડળનો ખાસ ક્રમાંક	
					અનુસૂચિત જાતિની		અનુસૂચિત આદિજાતિની			
					વસ્તી	ટકાવારી	વસ્તી	ટકાવારી	અનુસૂચિત જાતિની બેઠકો માટે	અનુસૂચિત આદિજાતિની બેઠકો માટે
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૭(૧)	૭(૨)	૮	૯
૧૭	સણખલા તા.ભાણવડ	૧૪-સણખલા	૩૩૨૬	૬૧૬૩	૨૦૪		૦			
		૫-જામ રોજીવાડા	૨૪૨૭	૬૮૬૨	૩૫૭		૨૭			
		૧-ભેનકવડ	૨૮૦૬	૬૦૭૫	૩૧૧		૧૭૫૬			
		૧૩-રૂપામોરા	૨૯૧૯	૬૩૩૭	૨૮૫		૩૪			
		કુલ		૨૫૪૩૭	૧૧૫૭	૪.૫૫	૧૮૧૭	૭.૧૪	૧૮	૨
૧૮	શક્તિનગર તા.ખંભાળીયા	૧૯-શકિતનગર	૭૦૭૩	૭૦૭૩	૪૩૮		૦			
		૧૭-રામનગર	૪૭૨૮	૮૦૭૫	૧૨૨		૪૫			
		૧૩- કોલવા	૨૪૩૪	૬૫૫૭	૪૭૨		૨૧			
		કુલ		૨૧૭૦૫	૧૦૩૨	૪.૭૫	૬૬	૦.૩૦	૧૭	૧૧
૧૯	વાડીનાર તા.ખંભાળીયા	૨૧-વાડીનાર-૧	૮૯૪૬	૮૩૭૬	૭૭૨		૭૨			
		૨૨-વાડીનાર-૨		૮૪૯૧	૧૫૪		૦			
		૧૨-કાઠી દેવળીયા	૬૩૪૭	૮૬૯૪	૬૩૩		૯૫			
		કુલ		૨૫૫૬૧	૧૫૫૯	૬.૧૦	૧૬૭	૦.૬૫	૧૧	૪
૨૦	વડત્રા તા.ખંભાળીયા	૨૩-વડત્રા	૫૧૦૫	૭૫૯૯	૪૦૧		૦			
		૧૬-મોવાણ	૪૦૮૦	૮૦૩૯	૪૦૯		૫૮			
		૨૪-વીંઝલપર	૩૫૯૨	૭૯૨૩	૪૮૩		૧૪			
		કુલ		૨૩૫૬૧	૧૨૯૩	૫.૪૯	૭૨	૦.૩૧	૧૫	૧૦
૨૧	વરવાળા તા.દ્વારકા	૧૩-વરવાળા-૧	૧૧૯૫૫	૪૨૪૪	૩૯૫		૮			
		૧૪-વરવાળા-૨		૩૬૨૬	૩૩૭		૭			
		૧૫-વરવાળા-૩		૪૦૮૫	૩૮૦		૭			
		૧૦-મોજપ	૧૮૮૪	૪૧૯૧	૫૦૦		૦			
		૨-ભીમરાણા	૪૫૪૮	૪૫૪૮	૬૨૭		૪			
		કુલ		૨૦૬૯૪	૨૨૩૯	૧૦.૮૨	૨૬	૦.૧૩	૨	૧૭
૨૨	વેરાડ તા.ભાણવડ	૧૬-વેરાડ	૪૩૦૦	૭૦૩૩	૬૪૮		૪			
		૧૦-નવાગામ	૨૦૯૮	૫૯૫૦	૪૮૧		૬૬			
		૮-મોરઝર	૨૪૩૪	૬૯૩૩	૬૮૮		૭૪			
		૨-ચોખંડા	૩૩૭૨	૬૪૧૨	૨૨૮		૦			
		કુલ		૨૬૩૨૮	૨૦૪૫	૭.૭૭	૧૪૪	૦.૫૫	૫	૬
એકંદરે કુલ				**૫૧૫૫૫૫**	૩૩૨૮૨		૮૪૦૦			

જે તે જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની યાદી તાલુકા પંચાયત મતદાર મંડળવાર આ સાથે સામેલ અનુસૂચિ -૨માં જણાવ્યા મુજબ રહે છે.

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૮ તથા ૯માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**તાલુકાનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક**	**અ.જા/ અ.જ.જા. માટે ફાળવવાની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	૨	૩	૪	૫
અનુસૂચિત જાતિ				
૧૩	મીઠાપુર	દ્વારકા	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ				
૯	ઢેબર	ભાણવડ	૧	અનુસૂચિત આદિજાતિ

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**તાલુકાનું નામ**	**ફાળવવાની બેઠકનો પ્રકાર**
૧	બજાણા	ખંભાળીયા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૨	બરડીયા	દ્વારકા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૩	ભાડથર	ખંભાળીયા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૪	ભાટીયા	કલ્યાણપુર	સા.શૈ. પછાતવર્ગ
૫	ભોગાત	કલ્યાણપુર	સા.શૈ. પછાતવર્ગ
૬	ચારબારા	ખંભાળીયા	સા.શૈ. પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ -૬ અને ૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવવાની થાય છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**તાલુકાનું નામ**	**ફાળવવાની બેઠકનો પ્રકાર**
૭	ધરમપુર	ખંભાળીયા	સામાન્ય સ્ત્રી
૮	ધતુરીયા	કલ્યાણપુર	સામાન્ય સ્ત્રી
૧૦	હર્ષદપુર	ખંભાળીયા	સામાન્ય સ્ત્રી
૧૧	કલ્યાણપુર	કલ્યાણપુર	સામાન્ય સ્ત્રી
૧૨	લાંબા	કલ્યાણપુર	સામાન્ય સ્ત્રી
૧૪	મોટા કાલાવડ	ભાણવડ	સામાન્ય સ્ત્રી
૧૫	નંદાણા	કલ્યાણપુર	સામાન્ય સ્ત્રી

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકાનું નામ	ફાળવવાની બેઠકનો પ્રકાર
૧૬	રાણ	કલ્યાણપુર	બિનઅનામત સામાન્ય
૧૭	સણખલા	ભાણવડ	બિનઅનામત સામાન્ય
૧૮	શક્તિનગર	ખંભાળીયા	બિનઅનામત સામાન્ય
૧૯	વાડીનાર	ખંભાળીયા	બિનઅનામત સામાન્ય
૨૦	વડત્રા	ખંભાળીયા	બિનઅનામત સામાન્ય
૨૧	વરવાળા	દ્વારકા	બિનઅનામત સામાન્ય
૨૨	વેરાડ	ભાણવડ	બિનઅનામત સામાન્ય

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં.: કેપી-૧૯૯૪-૨૧૧- ઈએલસી- ૧૦૯૪ -૪૮-જી, તા. ૦૮-૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ -૨૦૧૦-ઈએલસી -૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરી બેઠકો ફાળવણી કરશે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં.: કેપી-૨૦૧૫નો ૩૨-ઈએલસી-૧૦૨૦૧૦-૧૪૩(૪)-જી, તા. ૦૫-૦૮-૨૦૧૫ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ ૪(૩), ૫ (૩), ૬ અને ૭ પછી પરંતુક ઉમેરવામાં આવેલ છે.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪ થી થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫ થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે :

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી, કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના રહેતા નથી.)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ (જે તે વર્ગની સ્ત્રીને પ્રથમ પસંદગી આપી)ની બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

૧૮. દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે સને-૨૦૧૧ની વસતી ગણતરી આધારે સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે રીતે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૯. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે વિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	**મતદાર મંડળનું નામ**	**તાલુકા પંચાયતનું નામ**	**મતદાર મંડળનો ખાસ ક્રમાંક (જે-તે વર્ગ માટે)**	**ફાળવવામાં આવેલ અ.જા/ અ.જ.જા બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)**
૧	**૨**	**૩**	**૪**	**૫**
અનુસૂચિત જાતિ				
૨	બરડીયા	દ્વારકા	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ				
૧૪	મોટા કાલાવડ	ભાણવડ	૩	અનુસૂચિત આદિજાતિ

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**તાલુકા પંચાયતનું નામ**	**ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર**
૫	ભોગત	કલ્યાણપુર	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૬	ચારબારા	ખંભાળીયા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૭	ધરમપુર	ખંભાળીયા	સા.શૈ. પછાતવર્ગ
૮	ધતુરીયા	કલ્યાણપુર	સા.શૈ. પછાતવર્ગ
૯	ઢેબર	ભાણવડ	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૧૦	હર્ષદપુર	ખંભાળીયા	સા.શૈ. પછાતવર્ગ

૨૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**તાલુકા પંચાયતનું નામ**	**ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર**
૧	બજાણા	ખંભાળીયા	સામાન્ય સ્ત્રી
૪	ભાટીયા	કલ્યાણપુર	સામાન્ય સ્ત્રી
૧૬	રાણ	કલ્યાણપુર	સામાન્ય સ્ત્રી
૧૭	સણખલા	ભાણવડ	સામાન્ય સ્ત્રી
૧૮	શક્તિનગર	ખંભાળીયા	સામાન્ય સ્ત્રી
૨૦	વડત્રા	ખંભાળીયા	સામાન્ય સ્ત્રી
૨૧	વરવાળા	દ્વારકા	સામાન્ય સ્ત્રી
૩	ભાડથર	ખંભાળીયા	બિનઅનામત સામાન્ય
૧૧	કલ્યાણપુર	કલ્યાણપુર	બિનઅનામત સામાન્ય
૧૨	લાંબા	કલ્યાણપુર	બિનઅનામત સામાન્ય
૧૩	મીઠાપુર	દ્વારકા	બિનઅનામત સામાન્ય

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયતનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧૫	નંદાણા	કલ્યાણપુર	બિનઅનામત સામાન્ય
૧૯	વાડીનાર	ખંભાળીયા	બિનઅનામત સામાન્ય
૨૨	વેરાડ	ભાણવડ	બિનઅનામત સામાન્ય

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે તળેના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનું અને અનુસૂચિ-૧ મુજબ મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી ને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેના સૂચનો મંગાવવાના થાય છે.

આથી, આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી, દેવભૂમિ દ્વારકાને પણ આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૪. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૬- દેવભૂમિ દ્વારકા -જિ.પં.-૨૦૨૬, તા.૨૯/૦૧/૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ-૧

જિલ્લાનું નામ : દેવભૂમિ દ્વારકા **જિલ્લા પંચાયતનું નામ : દેવભૂમિ દ્વારકા**

અ.નં.	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
૧	દેવભૂમિ દ્વારકા	૧	બજાણા	ખંભાળીયા	૧૦	૯	સામાન્ય સ્ત્રી
		૨	બરડીયા	દ્વારકા	૩	૨૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૩	ભાડથર	ખંભાળીયા	૯	૧૪	બિનઅનામત સામાન્ય
		૪	ભાટીયા	કલ્યાણપુર	૧૨	૫	સામાન્ય સ્ત્રી
		૫	ભોગાત	કલ્યાણપુર	૭	૮	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૬	ચારબારા	ખંભાળીયા	૨૧	-	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૭	ધરમપુર	ખંભાળીયા	૨૨	૧૮	સા.શૈ. પછાતવર્ગ
		૮	ધતુરીયા	કલ્યાણપુર	૧૪	૧૩	સા.શૈ. પછાતવર્ગ
		૯	ઢેબર	ભાણવડ	૧૩	૧	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૧૦	હર્ષદપુર	ખંભાળીયા	૮	૨૦	સા.શૈ. પછાતવર્ગ

અ.નં.	જિલ્લા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		તાલુકાનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૩(૩)	૪(૧)	૪(૨)	૫
		૧૧	કલ્યાણપુર	કલ્યાણપુર	૧૬	૭	બિનઅનામત સામાન્ય
		૧૨	લાંબા	કલ્યાણપુર	૧૯	૧૬	બિનઅનામત સામાન્ય
		૧૩	મીઠાપુર	દ્વારકા	૧	૧૨	બિનઅનામત સામાન્ય
		૧૪	મોટા કાલાવડ	ભાણવડ	૪	૩	અનુસૂચિત આદિજાતિ
		૧૫	નંદાણા	કલ્યાણપુર	૬	૧૯	બિનઅનામત સામાન્ય
		૧૬	રાણ	કલ્યાણપુર	૨૦	૧૫	સામાન્ય સ્ત્રી
		૧૭	સણખલા	ભાણવડ	૧૮	૨	સામાન્ય સ્ત્રી
		૧૮	શક્તિનગર	ખંભાળીયા	૧૭	૧૧	સામાન્ય સ્ત્રી
		૧૯	વાડીનાર	ખંભાળીયા	૧૧	૪	બિનઅનામત સામાન્ય
		૨૦	વડત્રા	ખંભાળીયા	૧૫	૧૦	સામાન્ય સ્ત્રી
		૨૧	વરવાળા	દ્વારકા	૨	૧૭	સામાન્ય સ્ત્રી
		૨૨	વેરાડ	ભાણવડ	૫	૬	બિનઅનામત સામાન્ય

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૬-દેવભૂમિ દ્વારકા-જિ.પં-૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ - ૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની તાલુકા પંચાયતોના મતદાર મંડળો તથા તેમાં સમાવિષ્ટ ગામોની યાદી

તાલુકા પંચાયત: ખંભાળીયા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બજાણા	૧	બજાણા
		૨	પીર લાખાસર
		૩	આંબરડી દેવરીયા
		૪	મહાદેવીયા
૨	બેરાજા	૧	બેરાજા
		૨	નાના આસોટા
		૩	અજાડ ટાપુ
		૪	બેહ
૩	ભાડથર	૧	ભાડથર
		૨	ગોલણ શેરડી
		૩	શેઢા ભાડથર
		૪	ઠાકર શેરડી
૪	ભંડારીયા	૧	ભંડારીયા
		૨	તથીયા
		૩	સુતારીયા
		૪	સગારીયા
		૫	આંબરડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૬	ભાતેલ	૧	દાત્રાણા
		૨	ધંધુસર
		૩	હંજડાપર
		૪	સોનારડી
		૫	ભાતેલ
૭	ચારબારા	૧	ચારબારા
		૨	કાલાવડ સિમાણી
૮	ધરમપુર-૧	૧	ધરમપુર વોર્ડ નં ૧ થી ૯
		૨	કંચનપુર
૯	ધરમપુર-૨	૧	ધરમપુર વોર્ડ નં ૧૦ થી ૧૮
		૨	સુમરા તરઘડી
૧૦	ફોટ	૧	ફોટ
		૨	લલીયા
		૩	કોટડીયા
		૪	ભાણ ખોખરી
		૫	મોટી ખોખરી
૧૧	હર્ષદપુર-૧	૧	હર્ષદપુર વોર્ડ નં. ૧ થી ૧૦
૧૨	હર્ષદપુર-૨	૧	હર્ષદપુર વોર્ડ નં. ૧૧ થી ૧૪
		૨	કુવાડીયા
		૩	હરીપર
		૪	સોડસલા
		૫	કબર વિસોત્રી
		૬	કોઠા વિસોત્રી
૧૩	કાઠી દેવળીયા	૧	કાઠી દેવળીયા
		૨	સોઢા તરઘડી
		૩	ટીંબડી
૧૪	કોલવા	૧	કોલવા
		૨	કંડોરણા
		૩	હાપા લાખાસર
		૪	ભટ્ટગામ
		૫	કોટા
૧૫	લાલપરડા	૧	લાલપરડા
		૨	ભીંડા
		૩	ભારા બેરાજા
		૪	લાલુકા
૧૬	મોટા માંઢા	૧	મોટા માંઢા
		૨	કજુરડા
		૩	નાના માંઢા
		૪	પરોડીયા

અ.નં.	તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૭	મોવાણ	૧	મોવાણ
		૨	સિધ્ધપુર
		૩	પીપળીયા
		૪	માધુપુર
		૫	ખજુરીયા
૧૮	રામનગર	૧	રામનગર
		૨	માંઝા
		૩	વિરમદડ
૧૯	સામોર	૧	ચુડેશ્વર
		૨	ગોઈજ
		૩	સામોર
૨૦	શકિતનગર	૧	શકિતનગર
૨૧	સિંહણ આહેર	૧	સિંહણ આહેર
		૨	સખપર
		૩	નાગડા
		૪	કાકાભાઈ સિંહણ
		૫	વડાલીયા સિંહણ
		૬	દાંતા
૨૨	વાડીનાર-૧	૧	વાડીનાર વોર્ડ નં.-૧ થી ૧૦ અને ૧૨
૫	વાડીનાર-૨	૧	વાડીનાર વોર્ડ નં-૧૧
		૨	ભરાણા
		૩	નાના આંબલા
		૪	મોટા આંબલા
૨૩	વડત્રા	૧	વડત્રા
		૨	હંસ્થલ
		૩	ઝાકસીયા
૨૪	વિંઝલપર	૧	વિંઝલપર
		૨	જુવાનગઢ
		૩	કેશોદ

તાલુકા પંચાયતઃ ભાણવડ

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	ભેનકવડ	૧	ભેનકવડ
		૨	મોખાણા
		૩	ઘુમલી
૨	ચોખંડા	૧	ચોખંડા
		૨	કબરકા
		૩	શેઢાખાઇ
		૪	જોગરા

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૩	ઢેબર	૧	ઢેબર
		૨	ગુલાબસાગર નેશ
		૩	બરડીયો નેશ
		૪	સતસાગર નેશ
		૫	વાવાડો નેશ
		૬	કપુરડી નેશ
		૭	રાણાસર નેશ
		૮	બારી તળાવ નેશ
		૯	બાળો નેશ
		૧૦	બારાડી નેશ(ભારાડી)
		૧૧	કાસ વિરડો નેશ
		૧૨	થર નેશ
		૧૩	તાડી નેશ
		૧૪	સોનકંસારી નેશ
		૧૫	ડાંડરી નેશ
		૧૬	રાવણો નેશ
		૧૭	મોરાદીયા નેશ
		૧૮	ખુણાનો નેશ
		૧૯	ખાતરીયો નેશ
		૨૦	રાણીવાવ નેશ
		૨૧	આભાપરા નેશ
૪	ગડુ	૧	ગડુ
		૨	રોઝડા
		૩	હાથલા
		૪	દુધાળા
૫	જામરોજીવાડા	૧	જામરોજીવાડા
		૨	ગુંદા
		૩	ગુંદલા
		૪	સાજડીયારી
૬	કાટકોલા	૧	કાટકોલા
		૨	કલ્યાણપુર
		૩	જશાપર
૭	મેવાસા	૧	મેવાસા
		૨	ફતેપુર
		૩	ટીંબડી

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૮	મોરઝર	૧	મોરઝર
		૨	સઈ દેવળીયા
		૩	ભોરીયા/ફોટડી
		૪	બોડકી
		૫	ધારાગર
૯	મોટા કાલાવડ	૧	મોટા કાલાવડ
		૨	મોડપર
		૩	જંબુસર
૧૦	નવાગામ	૧	નવાગામ
		૨	જામપર
		૩	સેવકદેવળીયા
		૪	ચાંદવડ
૧૧	પાછતર	૧	પાછતર
		૨	ભવનેશ્વર
		૩	ઝારેરા
૧૨	રાણપર	૧	રાણપર
		૨	અંબરાછેલા નેશ
		૩	ધ્રામણી નેશ
		૪	ફુલઝર નેશ
		૫	કિલેશ્વર નેશ
		૬	વીનેશ
		૭	કાઠીયારી નેશ
		૮	ધોરાધુના નેશ
		૯	ગારી નેશ
		૧૦	સુવારડો નેશ
		૧૧	ખેરાર નેશ
		૧૨	વડલીવાળો નેશ
		૧૩	સાકરોજી નેશ
		૧૪	ઢેઢીયોનેશ
		૧૫	બાબરી નેશ
		૧૬	સાવરકુંડલા નેશ
		૧૭	ખોડીયાર નેશ
		૧૮	ઢેઢખુણા નેશ
		૧૯	પાછતરડી
		૨૦	વાગડીયો નેશ
		૨૧	છપીયા નેશ

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧૩	રૂપામોરા	૧	રૂપામોરા
		૨	આંબલીયારા
		૩	રાણપરડા
		૪	વિજયપુર
		૫	ભરતપુર
૧૪	સણખલા	૧	સણખલા
		૨	કંટોલીયા-રેંટા કાલાવડ
૧૫	શીવા	૧	શીવા
		૨	આંબરડી
		૩	વાનાવડ
૧૬	વેરાડ	૧	વેરાડ
		૨	કૃષ્ણગઢ
		૩	માનપર

તાલુકા પંચાયતઃ કલ્યાણપુર

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	આસોટા મોટા	૧	આસોટા મોટા
		૨	મણીપુર હાબરડી
		૩	વીરપુર લુસારી
૨	બાંકડી	૧	બાંકોડિ-કેશવપુર
		૨	જોધપુર
		૩	હડમતીયા
૩	ભાટીયા - ૧	૧	ભાટીયા વોર્ડ નં.૧ થી ૮
૪	ભાટીયા-૨	૧	ભાટીયા વોર્ડ નં.૯ થી ૧૫
૫	ભાટીયા-૩	૧	ભાટીયા વોર્ડ નં.૧૬ થી ૧૮
		૨	ભાટવડીયા
		૩	ગોકલપર
		૪	બામણાસા
૬	ભોગાત	૧	ભોગાત
		૨	ગોજીનેશ
૭	દેવળીયા	૧	દેવળીયા
		૨	સણોસરી-પ્રેમસર
૮	ધતુરીયા	૧	ધતુરીયા
		૨	ખીરસરા
		૩	દુધીયા

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૯	ગઢકા	૧	ગઢકા
		૨	ખીજદળ
૧૦	ગાગા	૧	ગાગા
		૨	રણજીતપુર
		૩	ગુરગઢ
૧૧	ગોરાણા	૧	ગોરાણા
		૨	નગડીયા
		૩	ડાંગરવડ
		૪	રાણપરડા
૧૨	હરીપર	૧	હરીપર
		૨	માંગરીયા
		૩	જામપર
		૪	કનકપર
		૫	માળી
		૬	ધુમથર
૧૩	જુવાનપુર	૧	જુવાનપુર
		૨	સીદસરા/માનપરા
		૩	ઉદેપુર
		૪	મેઘપર ટીટોડી
૧૪	કલ્યાણપુર	૧	કલ્યાણપુર
		૨	પાનેલી
૧૫	કેનેડી	૧	કેનેડી
૧૬	લાંબા-૧	૧	લાંબા વોર્ડ નં.૧ થી ૧૧
૧૭	લાંબા-૨	૧	લાંબા વોર્ડ નં.૧૨
		૨	ગાંધવી
		૩	ગાંગડી
		૪	ચાચલાણા
૧૮	મેવાસા	૧	મેવાસા
		૨	પીંડારા
		૩	મહાદેવીયા
૧૯	નંદાણા	૧	નંદાણા
૨૦	નાવદ્રા	૧	નાવદ્રા
		૨	સતાપર
		૩	માલેતા

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૨૧	પટેલકા	૧	પટેલકા
		૨	ખાખરડા
		૩	ભોપલકા
૨૨	રાજપરા	૧	રાજપર
		૨	ચુર
		૩	ચપર
		૪	કાનપર શેરડી
		૫	આશીયાવદર-જેપુર
૨૩	રાણ લીંબડી	૧	રાણલીંબડી
૨૪	ટંકારીયા	૧	ટંકારીયા
		૨	સુર્યાવદર
		૩	ચંદ્રાવાડા

તાલુકા પંચાયતઃ દ્વારકા

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૧	બરડીયા	૧	બરડીયા
		૨	વાચ્છું
		૩	કોરાડા
૨	ભીમરાણા	૧	ભીમરાણા
૩	ધ્રાસણવેલ	૧	ધ્રાસણવેલ
		૨	ખતુંબા
		૩	નાના ભાવડા
		૪	મોટા ભાવડા
		૫	મુળવાસર
૪	ગઢેચી	૧	ગઢેચી
		૨	પાડલી
		૩	હમુસર
૫	ગોરીંજા	૧	ગોરીજા
		૨	નવી ઘ્રેવાડ
		૩	જુની ઘ્રેવાડ
		૪	ઓખા મઢી
		૫	કૂરંગા
		૬	મેરીપુર
૬	ગોરીયારી	૧	ગોરીયારી
		૨	કલ્યાણપુર
		૩	રાંગાસર
		૪	રાજપરા

અ.નં.	તાલુકા પંચાયત મતદાન મંડળનું નામ	તાલુકા પંચાયત મતદારમંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	
૭	મીઠાપુર-૧	૧	મીઠાપુર-૧
૮	મીઠાપુર-૨	૧	મીઠાપુર-૨
૯	મીઠાપુર-૩	૧	મીઠાપુર-૩
૧૦	મોજપ	૧	મોજપ
		૨	મકનપુર
		૩	શીવરાજપુર
૧૧	પોસીત્રા	૧	પોસીત્રા
		૨	મુળવેલ
		૩	શામળાસર
		૪	નાગેશ્વર
૧૨	ટુંપણી	૧	ટુંપણી
		૨	ચરકલા
		૩	અણીયારી
		૪	ધીંણકી
		૫	લોવરાલી
૧૩	વરવાળા-૧	૧	વરવાળા-૧
૧૪	વરવાળા-૨	૧	વરવાળા-૨
૧૫	વરવાળા-૩	૧	વરવાળા-૩
૧૬	વસઈ	૧	વસઈ
		૨	ટોબર
		૩	મેવાસા
		૪	બાટીસા

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળીયા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૬-ખંભાળીયા-તા.પં.-૨૦૨૬

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ-૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય

સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા.૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા.૨૫-૧૦-૧૯૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: : KPV-49-DC-ELC-L-4-TP-12-2025, તા.૦૯/૦૯/૨૦૨૫ (જેનો હવે પછી "જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે ખંભાળીયા તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બિન અનામત સામાન્ય
			અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
			સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
દેવભૂમિ દ્વારકા	ખંભાળીયા	૨૪	૦	૧	૧	૦	૩	૩	૮	૮

૨. વિકાસ કમિશનરશ્રી તાલુકા પંચાયત માટે કલમ-૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૨) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) અને પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે નિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ-૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ- ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે :

(૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

(૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

(૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળ રચવામાં આવ્યાં હોય તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરુ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારુ ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાનાં થતાં હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ નો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૧૦ થી ૧૫ નો સમાવેશ છે. તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે સૌથી નીચેના ક્રમાંક મુજબના લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, લખતર ગામના વોર્ડ નં. ૬ થી ૯ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં. ૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી રાજ્ય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "સામાન્ય ક્રમાંક" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ૨, ૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે અંગે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું નિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭માં જોગવાઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલાઓ સહિત)ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા વર્ગો માટે આરક્ષિત બેઠકો ફાળવ્યા પછી બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ-૧૬(૨) તથા ગુજરાત તાલુકા તથા જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એકસરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે એકસરખી જ રાખવાનું શક્ય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની અન્ય સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો / અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી "શહેરી નિયમો" તરીકે ઉલ્લેખ થયો છે) ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધે પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગને મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી, ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકે છે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ-૧૬ તથા નિયમોના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાની વસતી ૧૭૮૨૩૪ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૭૪૨૬ હોવી જોઈએ. જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ ૮૫૪૦ તથા લઘુત્તમ ૬૩૧૨ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ એક જ તાલુકામાં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતી	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૩	ભાડથર	૮૫૮૮	(+)૦.૬૫
૨	૭	ધરમપુર-૧	૬૦૫૧	(-)૩.૫૨
૩	૮	ધરમપુર-૨	૬૨૪૩	(-)૦.૯૩
૪	૧૧	હર્ષદપુર-૨	૮૫૫૫	(+)૦.૨૦
૫	૧૨	કાઠી દેવળીયા	૮૬૯૪	(+)૨.૦૮

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળીયા તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩(૨)માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં.	ગામના નામ		વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧	બજાણા	૧	બજાણા	૨૬૧૯	૧૧૪			૦		
		૨	પીર લાખાસર	૧૫૬૪	૧૮			૩૪		
		૩	આંબરડી દેવરીયા	૧૨૦૮	૨૧			૧૪		
		૪	મહાદેવીયા	૧૩૩૯	૧૦૭			૦		
			કુલ	૬૭૩૦	૨૬૦	૩.૮૬	૧૬	૪૮	૦.૭૧	૪

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં.	ગામના નામ		વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૨	બેરાજા	૧	બેરાજા	૩૪૯૦	૧૨૩			૦		
		૨	નાના આસોટા	૧૭૬૧	૫			૦		
		૩	અજાડ ટાપુ	૮૯	૦			૦		
		૪	બેહ	૩૦૨૫	૧૭૩			૦		
			કુલ	૮૩૬૫	૩૦૧	૩.૬૦	૧૭	૦	૦.૦૦	-
૩	ભાડથર	૧	ભાડથર	૪૫૯૯	૩૬૯			૬		
		૨	ગોલણ શેરડી	૭૮૯	૨૬			૦		
		૩	શેઢા ભાડથર	૮૭૭	૬૧			૨૪		
		૪	ઠાકર શેરડી	૨૩૨૩	૧૧૧			૧		
			કુલ	૮૫૮૮	૫૬૭	૬.૬૦	૮	૩૧	૦.૩૬	૬
૪	ભંડારીયા	૧	ભંડારીયા	૧૭૫૬	૯૦			૦		
		૨	તથીયા	૧૭૩૦	૯૭			૦		
		૩	સુતારીયા	૧૪૫૫	૭૭			૦		
		૪	સગારીયા	૪૯૭	૦			૦		
		૫	આંબરડી	૧૪૬૩	૬૫			૦		
			કુલ	૬૯૦૧	૩૨૯	૪.૭૭	૧૪	૦	૦.૦૦	-
૫	ભાતેલ	૧	ભાતેલ	૨૬૦૭	૮૦			૦		
		૨	દાત્રાણા	૨૩૧૫	૬૯			૦		
		૩	હંજડાપર	૧૪૦૧	૨૨			૦		
		૪	સોનારડી	૧૨૭૩	૩૭			૦		
		૫	ધંધુસર	૫૭૮	૦			૦		
			કુલ	૮૧૭૪	૨૦૮	૨.૫૪	૧૮	૦	૦.૦૦	-
૬	ચારબારા	૧	ચારબારા	૫૮૫૨	૧૦૬			૦		
		૨	કાલાવડ સિમાણી	૮૭૨	૨૧			૦		
			કુલ	૬૭૨૪	૧૨૭	૧.૮૯	૨૦	૦	૦.૦૦	-
૭	ધરમપુર-૧	૧	ધરમપુર વોર્ડ નં. ૧ થી ૯	૫૧૬૨	૦			૦		
		૨	કંચનપુર	૮૮૯	૧૦			૦		
			કુલ	૬૦૫૧	૧૦	૦.૧૭	૨૩	૦	૦.૦૦	-
૮	ધરમપુર-૨	૧	ધરમપુર વોર્ડ નં.૧૦ થી ૧૮	૫૫૭૯	૦			૦		
		૨	સુમરા તરઘડી	૬૬૪	૦			૦		
			કુલ	૬૨૪૩	૦	૦.૦૦	-	૦	૦.૦૦	-
૯	ફોટ	૧	ફોટ	૨૧૩૬	૮૦			૦		
		૨	લલીયા	૪૪૯	૧૬			૦		
		૩	કોટડીયા	૫૭૦	૦			૦		
		૪	ભાણ ખોખરી	૧૪૮૧	૨૯૫			૦		
		૫	મોટી ખોખરી	૧૯૧૧	૧૩૨			૨		
			કુલ	૬૫૪૭	૫૨૩	૭.૯૯	૩	૨	૦.૦૩	૧૩

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં.	ગામના નામ		વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧૦	હર્ષદપુર-૧	૧	હર્ષદપુર વોર્ડ નં. ૧ થી ૧૦	૬૫૭૯	૧૬૬			૧૮		
			કુલ	૬૫૭૯	૧૬૬	૨.૫૨	૧૯	૧૮	૦.૨૭	૮
૧૧	હર્ષદપુર-૨	૧	હર્ષદપુર વોર્ડ નં.૧૧ થી ૧૪	૭૯૪	૦			૦		
		૨	કુવાડીયા	૧૧૬૮	૧૪			૦		
		૩	હરીપર	૧૭૭૭	૬૯			૫		
		૪	કોઠા વિસોત્રી	૨૨૦૬	૧૦૦			૦		
		૫	સોડસલા	૧૬૬૬	૨૫૭			૪		
		૬	કબર વિસોત્રી	૯૪૪	૨૮			૦		
			કુલ	૮૫૫૫	૪૬૮	૫.૪૭	૧૧	૯	૦.૧૧	૧૨
૧૨	કાઠી દેવળીયા	૧	કાઠી દેવળીયા	૬૩૪૭	૩૩૮			૯૫		
		૨	સોઢા તરઘડી	૧૪૩૬	૧૩૪			૦		
		૩	ટીંબડી	૯૧૧	૧૬૧			૦		
			કુલ	૮૬૯૪	૬૩૩	૭.૨૮	૫	૯૫	૧.૦૯	૧
૧૩	કોલવા	૧	કોલવા	૨૪૩૪	૨૩૫			૨૧		
		૨	કોટા	૭૨૩	૦			૦		
		૩	કંડોરણા	૧૪૨૨	૭૧			૦		
		૪	હાપા લાખાસર	૧૨૩૪	૯૯			૦		
		૫	ભટ્ટગામ	૭૪૪	૬૭			૦		
			કુલ	૬૫૫૭	૪૭૨	૭.૨૦	૬	૨૧	૦.૩૨	૭
૧૪	લાલપરડા	૧	લાલપરડા	૨૭૦૧	૧૩૭			૦		
		૨	ભીંડા	૨૨૯૬	૧૦૧			૩		
		૩	ભારા બેરાજા	૪૧૨	૧૩			૧૩		
		૪	લાલુકા	૧૨૮૦	૨૦			૦		
			કુલ	૬૬૮૯	૨૭૧	૪.૦૫	૧૫	૧૬	૦.૨૪	૧૦
૧૫	મોટા માંઢા	૧	મોટા માંઢા	૨૦૦૫	૧૮૮			૦		
		૨	કજુરડા	૧૬૭૩	૧૨૭			૦		
		૩	નાના માંઢા	૧૯૩૪	૧૨૩			૦		
		૪	પરોડીયા	૧૮૭૨	૯૫			૦		
			કુલ	૭૪૮૪	૫૩૩	૭.૧૨	૭	૦	૦.૦૦	-
૧૬	મોવાણ	૧	મોવાણ	૪૦૮૦	૨૭૪			૫		
		૨	સિધ્ધપુર	૧૨૮૫	૩૧			૪		
		૩	પીપળીયા	૫૫૨	૩૮			૦		
		૪	માધુપુર	૫૯૩	૦			૦		
		૫	ખજુરીયા	૧૫૨૯	૬૬			૪૯		
			કુલ	૮૦૩૯	૪૦૯	૫.૦૯	૧૩	૫૮	૦.૭૨	૩

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં.	ગામના નામ		વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતી	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧૭	રામનગર	૧	રામનગર	૪૭૨૮	૦			૦		
		૨	વિરમદડ	૨૫૫૦	૧૨૨			૪૫		
		૩	માંઝા	૭૯૭	૦			૦		
			કુલ	૮૦૭૫	૧૨૨	૧.૫૧	૨૨	૪૫	૦.૫૬	૫
૧૮	સામોર	૧	સામોર	૨૮૧૧	૨૪૭			૦		
		૨	ચુડેશ્વર	૨૨૬૦	૧૩૦			૦		
		૩	ગોઈજ	૧૮૫૮	૧૬૭			૦		
			કુલ	૬૯૨૯	૫૪૪	૭.૮૫	૪	૦	૦.૦૦	-
૧૯	શકિતનગર	૧	શકિતનગર	૭૦૭૩	૪૩૮			૦		
			કુલ	૭૦૭૩	૪૩૮	૬.૧૯	૯	૦	૦.૦૦	-
૨૦	સિંહણ આહેર	૧	સિંહણ આહેર	૨૨૫૬	૧૨૨			૦		
		૨	સખપર	૩૫૬	૩૬			૦		
		૩	નાગડા	૩૨૨	૦			૦		
		૪	કાકાભાઈ સિંહણ	૭૬૭	૧૫૩			૧૮		
		૫	વડાલીયા સિંહણ	૧૬૯૫	૧૩૬			૦		
		૬	દાંતા	૧૪૫૨	૨૧૫			૦		
			કુલ	૬૮૪૮	૬૬૨	૯.૬૭	૧	૧૮	૦.૨૬	૯
૨૧	વાડીનાર-૧	૧	વાડીનાર વોર્ડ નં-૧ થી ૧૦ અને ૧૨	૮૩૭૬	૭૭૨			૭૨		
			કુલ	૮૩૭૬	૭૭૨	૯.૨૨	૨	૭૨	૦.૮૬	૨
૨૨	વાડીનાર-૨	૧	વાડીનાર વોર્ડ નં-૧૧	૫૭૦	૦			૦		
		૨	ભરાણા	૫૨૮૭	૧૩૭			૦		
		૩	નાના આંબલા	૧૯૭૪	૦			૦		
		૪	મોટા આંબલા	૬૬૦	૧૭			૦		
			કુલ	૮૪૯૧	૧૫૪	૧.૮૧	૨૧	૦	૦.૦૦	-
૨૩	વડત્રા	૧	વડત્રા	૫૧૦૫	૧૮૯			૦		
		૨	ઝાકસીયા	૧૦૫૪	૪૨			૦		
		૩	હંસ્થલ	૧૪૪૦	૧૭૦			૦		
			કુલ	૭૫૯૯	૪૦૧	૫.૨૮	૧૨	૦	૦.૦૦	-
૨૪	વિંઝલપર	૧	વિંઝલપર	૩૫૯૨	૧૦૨			૩		
		૨	જુવાનગઢ	૧૯૭૨	૭૮			૧૧		
		૩	કેશોદ	૨૩૫૯	૩૦૩			૦		
			કુલ	૭૯૨૩	૪૮૩	૬.૧૦	૧૦	૧૪	૦.૧૮	૧૧
એકંદરે કુલ				૧૭૮૨૩૪	૮૮૫૩			૪૪૭		

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) ઉપર પેરા ૭ અને ૮માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩)માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો નંબર૨	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૨૦	સિંહણ આહેર	૧	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૧૨	કાઠી દેવળીયા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર**
૧	બજાણા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૨	બેરાજા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૩	ભાડથર	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૪	ભંડારીયા	સા.શૈ. પછાતવર્ગ
૫	ભાતેલ	સા.શૈ. પછાતવર્ગ
૬	ચારબારા	સા.શૈ. પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ-૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧માં જણાવ્યા મુજબ મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિન અનામત સામાન્ય બેઠકો ફાળવવાની થાય.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	**મતદાર મંડળનું નામ**	**ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર**
૭	ધરમપુર-૧	સામાન્ય સ્ત્રી
૮	ધરમપુર-૨	સામાન્ય સ્ત્રી
૯	ફોટ	સામાન્ય સ્ત્રી
૧૦	હર્ષદપુર-૧	સામાન્ય સ્ત્રી
૧૧	હર્ષદપુર-૨	સામાન્ય સ્ત્રી
૧૩	કોલવા	સામાન્ય સ્ત્રી
૧૪	લાલપરડા	સામાન્ય સ્ત્રી
૧૫	મોટા માંઢા	સામાન્ય સ્ત્રી
૧૬	મોવાણ	બિનઅનામત સામાન્ય
૧૭	રામનગર	બિનઅનામત સામાન્ય

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧૮	સામોર	બિનઅનામત સામાન્ય
૧૯	શકિતનગર	બિનઅનામત સામાન્ય
૨૧	વાડીનાર-૧	બિનઅનામત સામાન્ય
૨૨	વાડીનાર-૨	બિનઅનામત સામાન્ય
૨૩	વડત્રા	બિનઅનામત સામાન્ય
૨૪	વિંઝલપર	બિનઅનામત સામાન્ય

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત. ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪ -૪૮-જી, તા.૮-૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા.૧૦-૫-૨૦૧૦ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરશે.

પંચાયત વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા.૧૦-૫-૨૦૧૦ થી નિયમ-૪માં થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫ થી માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે:

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના થશે નહીં)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના મતદાર મંડળમાં (સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) નિયમાનુસાર બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

સને- ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે આગામી સામાન્ય ચૂંટણી માટે નવું સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

૧૮. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે નિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા/ અ.જ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૨૦	સિંહણ આહેર	૧	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૨૧	વાડીનાર-૧	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૪	ભંડારીયા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૫	ભાતેલ	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૬	ચારબારા	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
૭	ધરમપુર-૧	સા.શૈ. પછાતવર્ગ
૮	ધરમપુર-૨	સા.શૈ. પછાતવર્ગ
૯	ફોટ	સા.શૈ. પછાતવર્ગ

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશન) થી બેઠકો ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	બજાણા	સામાન્ય સ્ત્રી
૩	ભાડથર	સામાન્ય સ્ત્રી
૧૦	હર્ષદપુર-૧	સામાન્ય સ્ત્રી
૧૧	હર્ષદપુર-૨	સામાન્ય સ્ત્રી
૧૩	કોલવા	સામાન્ય સ્ત્રી
૨૨	વાડીનાર-૨	સામાન્ય સ્ત્રી
૨૩	વડત્રા	સામાન્ય સ્ત્રી
૨૪	વિંઝલપર	સામાન્ય સ્ત્રી
૨	બેરાજા	બિનઅનામત સામાન્ય
૧૨	કાઠી દેવળીયા	બિનઅનામત સામાન્ય
૧૪	લાલપરડા	બિનઅનામત સામાન્ય
૧૫	મોટા માંઢા	બિનઅનામત સામાન્ય
૧૬	મોવાણ	બિનઅનામત સામાન્ય
૧૭	રામનગર	બિનઅનામત સામાન્ય
૧૮	સામોર	બિનઅનામત સામાન્ય
૧૯	શકિતનગર	બિનઅનામત સામાન્ય

૨૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ઽ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે હેઠળના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળીયા તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનો અને મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેના સૂચનો મંગાવવાના થાય છે.

આથી, મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, દેવભૂમિ દ્વારકાને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૬-ખંભાળીયા-તા.પં.-૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬નું સાંધણ

અનુસૂચિ

જિલ્લાનું નામ : દેવભૂમિ દ્વારકા **તાલુકા પંચાયતનું નામ : ખંભાળીયા**

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	ખંભાળીયા	૧	બજાણા	૧૬	૪	સામાન્ય સ્ત્રી
		૨	બેરાજા	૧૭	-	બિનઅનામત સામાન્ય
		૩	ભાડથર	૮	૬	સામાન્ય સ્ત્રી
		૪	ભંડારીયા	૧૪	-	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૫	ભાતેલ	૧૮	-	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૬	ચારબારા	૨૦	-	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૭	ધરમપુર-૧	૨૩	-	સા.શૈ. પછાતવર્ગ
		૮	ધરમપુર-૨	-	-	સા.શૈ. પછાતવર્ગ
		૯	ફોટ	૩	૧૩	સા.શૈ. પછાતવર્ગ
		૧૦	હર્ષદપુર-૧	૧૯	૮	સામાન્ય સ્ત્રી

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
		૧૧	હર્ષદપુર-૨	૧૧	૧૨	સામાન્ય સ્ત્રી
		૧૨	કાઠી દેવળીયા	૫	૧	બિનઅનામત સામાન્ય
		૧૩	કોલવા	૬	૭	સામાન્ય સ્ત્રી
		૧૪	લાલપરડા	૧૫	૧૦	બિનઅનામત સામાન્ય
		૧૫	મોટા માંઢા	૭	-	બિનઅનામત સામાન્ય
		૧૬	મોવાણ	૧૩	૩	બિનઅનામત સામાન્ય
		૧૭	રામનગર	૨૨	૫	બિનઅનામત સામાન્ય
		૧૮	સામોર	૪	-	બિનઅનામત સામાન્ય
		૧૯	શકિતનગર	૯	-	બિનઅનામત સામાન્ય
		૨૦	સિંહણ આહેર	૧	૯	અનુસૂચિત જાતિ
		૨૧	વાડીનાર-૧	૨	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૨	વાડીનાર-૨	૨૧	-	સામાન્ય સ્ત્રી
		૨૩	વડત્રા	૧૨	-	સામાન્ય સ્ત્રી
		૨૪	વિંઝલપર	૧૦	૧૧	સામાન્ય સ્ત્રી

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.10 16:39:29 IST